તારીખ ૦૧-૦૧-૨૦૧૪ થી મોંઘવારી ભથ્થાના દરમાં સુધારણા.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
ક્રમાંકઃ વલભ-૧૦૨૦૧૪-જીઓઆઇ-૦૧-ચ
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૧૬/૦૪/ ૨૦૧૪

વંચાણે લીધોઃ- (૧) નાણાં વિભાગનો તા.૨૭-૦૨-૨૦૦૯ નો સરકારી ઠરાવ નં.પગર-૧૦૦૯/૬/પે સેલ (મ)
(૨) ભારત સરકારનો તા.૨૭/૦૩/૨૦૧૪ નો ઓફિસ મેમોરેન્ડમ ક્ર.૧-૧/૨૦૧૪-ઇ-II (બી)

## ઠરાવ

નાણાવિભાગના તા.૧૮/૧૦/૨૦૧૩ ના ઠરાવ ક્ર.વલભ-૧૦૨૦૧૩/જીઓઆઇ/૦૯/ચ થી કર્મચારીઓને ૯૦% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૦૧/૦૧/૨૦૧૪ થી ૧૦% વધારો કરીને નીચે પ્રમાણે ચૂકવવાનુ નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર. |
|---|---|
| તારીખઃ ૦૧-૦૧-૨૦૧૪ થી | મૂળ પગારના ૧૦૦% |

૨. આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થું વિનિયમિત કરતી વખતે નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં.પીજીઆર-૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં.૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમ જ લાગુ પડશે.

૩. મોઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

૪. આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તારીખઃ ૦૧/૦૧/૨૦૧૪ થી રોકડમાં ચૂકવવામાં આવશે.

૫. પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

૬. એન.પી.પી.એ મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૧૦% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા નિયમો-૨૦૦૯ મુજબ તથા નાણાં વિભાગ (પ.એ.) ના તા.૨૫/૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર.નં.પીજીઆર-૧૦૦૯/૮/પે સેલ અને નાણાં વિભાગ (પ.એ.) ના તા.૧/૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૦/૫૧/પે સેલ તથા

તા.૨૨/૧૧/૨૦૧૧ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૧/૬૭/પે સેલ અને તા.૧૨/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર.પીજીઆર-૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

૭. આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને મળવાપાત્ર થાય છે તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ મળવાપાત્ર થશે.

૯. ઉક્ત હુકમનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ તેજ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતુ ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતા વધારે ન થવો જોઇએ.

૧૦. આ હુકમો અખિલ ભારતીય સેવાના અધિકારીઓ (AIS) ને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

( એચ. ડી.સેદલર )
નાયબ સચિવ,
નાણા વિભાગ,

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૩૬૪૭–૯૬ /૨૦૧૪

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક વિભાગ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
તારીખઃ૧૯/૦૪/ ૨૦૧૪.

નોંધઃ– નીચેની સુચના સહ સદરહું ઠરાવ યુનિવર્સિટીમાં અમલ માટે પરિપત્રિત કરવામાં આવે છે.

૧ઃ તારીખ ૦૧.૦૧.૨૦૧૪થી અમલમાં આવેલ ૧૦% મોઘવરી ભથ્થાનો વધારો માહે એપ્રિલ–૨૦૧૪ના રેગ્યુલર પગાર બીલે ૧૦૦% મુજબ ગણત્રી કરી બીલો રજુ કરવા જણાવવામાં આવ છે.

૨ઃ જયારે તા.૦૧.૦૧.૨૦૧૪ થી તા.૩૧.૦૩.૨૦૧૪ સુધીના તફાવતના નાંણા રોકડમાં ચુકવવાના હોય, બીલો બનાવી વહીવટી–વ–હિસાબ અધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**નકલ જયભારત સાથ રવાનાઃ**

૧ઃ આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ/નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ...
૨ઃ માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી ,નવસારી તરફ જાણ સારૂ.
૩ઃ વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી. તરફ ઉપરોકત વિગતે અમલ થવા સારૂ.
૪ઃ હિસાબ નિયામક વિભાગની તમામ શાખાઓ

એજી/૧૯૦૪૨૦૧૪/